જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૭/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૯૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૬૫ વ્યક્તિઓને ઝડપી, ૧૯૮ લીટર દેશી દારૂ, ૧૫૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૫૪૪ ક્વોર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૨૬૯ બીયરટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૬,૫૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૯૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં.૯૯૭/૨૦૨૬**

એલીસબ્રીજઃ સુશીલાબહેન વા/ઓફ રમણીકલાલ મોરખીયા (ઉ.વ.૬૬)(રહે જૈનેમ ફ્લેટ, સાધના સ્કુલની પાછળ પ્રિતમનગર અખાડા સામે એલીસબ્રીજ) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૭/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે નવચેતન સ્કુલ થી ગોપી ડાઈનીંગ હોલ તરફ દેવાશ્રય ફ્લેટની બહાર ચાલતા પસાર થતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષએ ભેગામળી સુશીલાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.સી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૯૮/૨૦૨૬**

સરદારનગરઃ નોબલનગર, ઘનશ્યામનગર ખાતે ભાડાના મકાનમાં રહેતા નિમેષ સ/ઓ પ્રેમનારાયણ જોષી (ઉ.વ.૩૨) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૭/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી ૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ભાડાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૯૧,૦૫૦/– ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.રબારી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૯૯/૨૦૨૬**

બાપુનગરઃ કિરણભાઇ પ્રતીકભાઇ પટણી (ઉ.વ.૨૨)(રહે. કસ્તુરભાઇ ની ચાલી, સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૬ ના બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે અનિલ સ્ટાર્ચ રાધા રમણ ફ્લેટ સાત માળીયા ખાતે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ચિરાગકુમાર ચંદુભાઇ ચલાવે છે.

દાણીલીમડા: અલ્તાફ સ/ઓ રફીકભાઇ મંસુરી (ઉ.વ.૩૫)(રહે.ન્યુ ફૈસલનગર, જુના ખેડા નાકા પાસે, બોમ્બે હોટલ, દાણીલીમડા) એ તા.૧૭/૦૭/૨૦૨૬ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિરણભાઈ મનહરભાઈ ચલાવે છે.

ઓઢવ: (૧) બ્રિંદાવન લખન કુશ્વાહ (ઉ.વ.૩૨)(રહે.ગીરીરાજ સોસાયટી, આદિનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૬ ના કલાક ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરની અગાશીમા પતરાના શેડની લોખંડની એંન્ગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

ઓઢવ: (૨) ઓઢવ શીવમ આવાસ યોજના ખાતે રહેતા મુકેશભાઇ વણજારા નાઓની ૧૭ વર્ષની પુત્રી એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ લેતા સારવાર માટે તેમને કાનબા હોસ્પિટલ ખાતે લાવતા તા.૧૮/૦૭/૨૦૨૬ ના કલાક ૦૦/૧૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી એ.એમ.ખરાડી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી